ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૩



ઉમેશચંદ્ર પી વ્યાસ
મો. ૯૪૨૬૪ ૧૫૭૯૯



દિપક નગીનદાસ શાહ
મો.૯૮૯૮૧ ૬૧૬૩૯



રેખા રાવલ
ગુજરાત પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી
એસબીવીપી



ધિગેશ વિનોદ જોષી
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯



ક્રિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫

## બારશાખ રાજપૂત સમાજનું ગૌરવ : યુગરાજ રાજપૂત




ગાંધીનગર, તા. ૧૧

કુડો એશોશીપન ગુજરાત આયોજીત ગુજરાત સ્ટેટ કુડો ચેમ્પીયનશીપ તા.૫-૮-૧૮ નવસારી ખાતે યોજાયેલ, જેમાં ગુજરાતમાં થી ૬૦૦ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. જેમાં અમદાવાદના શ્રેયસ ફાઉન્ડેશન સ્કુલ માં ધોરણ - ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી યુગરાજ મુકુંદભાઈ રાજપૂતે બેસ્ટ પ્લેયર ઓફ ધી યર ૨૦૧૭/૨૦૧૮ના એવોર્ડ સાથે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કુડો કોચ પ્રવિણભાઈ જાદવે ખુશી વ્યકત કરી યુગરાજને અભિનંદન આપ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના પાટનગર એવા ગાંધીનગર જિલ્લામાં અખબારો - સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કાર્ય કરતી જિલ્લાના તંત્રીઓની એકમાત્ર રજિસ્ટર સંસ્થા ગાંધીનગર જિલ્લા તંત્રી પરિષદ આ વર્ષે સપ્ટેમ્બર માસમાં મીડિયા સાથે સંકળાયેલા અખબારોના તંત્રીઓ અને પ્રકાશકો તેમજ જિલ્લાકક્ષાએ ગુજરાત અને ગુજરાત બહારનાં અખબારો માટે કાર્ય કરતા જિલ્લાના પ્રતિનિધિ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓનાં બાળકોને ઈનામ આપીને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તમામ મીડિયાના પ્રતિનિધિઓ તેમનાં બાળકોને માર્કશીટ, તેમણે મેળવેલ વિશેષ સિદ્ધિ અને પરિચય મોકલી આપવા સંસ્થા પ્રમુખ ભરત કવિ અને મહામંત્રી લક્ષ્મણ પટેલે જાહેર અનુરોધ કર્યો છે. આ ઉપરાંત તંત્રીઓ/જિલ્લા પ્રતિનિધિઓએ પણ વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ સુધીમાં કોઈ વિશિષ્ટ સિદ્ધિ કે સ્થાન હાંસલ કરેલ હોય તેમણે પણ પોતાની વિગતો મોકલી આપવાની રહેશે. આ કાર્યક્રમમાં વિશિષ્ટ મીડિયા પ્રતિનિધિઓના સન્માનનો કાર્યક્રમ પણ આયોજિત કરાયો છે.

આ બંને કાર્યક્રમો માટે માર્કશીટ અને વિગત મોકલવાની છેલ્લી તા. ૨૦-૮-૨૦૧૮ રહેશે. જે વિદ્યાર્થીઓને અંતિમ પરિણામ આવેલ હોય તેમણે છેલ્લા વર્ષનું પરિણામ મોકલી આપવાનું રહેશે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાની ડિરેક્ટરી પણ તૈયાર કરવાનું વિચારવામાં આવ્યું હોવાથી બીડેલ ફોર્મ પણ તા. ૨૦-૮-૨૦૧૮ સુધી મોકલી આપવાનું રહેશે. પ્રિન્ટ મીડિયાએ લેટેસ્ટ અંક અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયાએ સંમતિપત્રક જોડવાનું રહેશે.

માર્કશીટ અને વિગત મોકલવાનું સરનામું : (૧) ભારત ટાઈમ્સ, બ્લોક નં. ૨૩૬/૨, ઘ ટાઈપ, સેક્ટર-૧૯, ગાંધીનગર, (૨) કેપિટલ પ્રિન્ટોરિયમ, હવેલી આર્કેડ, સેક્ટર-૧૧, ગાંધીનગર, (૩) માનવમિત્ર, ૫૦૫-૫૦૬-૫૦૭, અખબાર ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, (૪) કેપિટલ ક્રાંતિ, પ્લોટ નં. ૯૦૫/૫/બી, જીઆઈડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર, (૫) ઈગલ ન્યૂઝ, સ્વસ્તિક કોમ્પલેક્ષ, ૧૭/૨૨ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર (સમય : સવારે ૧૧થી સાંજે ૬ સુધી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૧૨ના ૪૦૦ વિદ્યાર્થીઓ માટે સરિતા ઉદ્યાનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસની આ પિકનીક દરમિયાન વિદ્યાર્થીઓએ રસપૂર્વક સરિતા ઉદ્યાન તથા નદીના પ્રાકૃતિક વાતાવરણનો આનંદ લીધો હતો તથા ભણતરના ભારને ભૂલીને વિવિધ રાઈડ્સના આનંદમાં મગ્ન થયા હતા.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૬ની ૨૭૮ વિદ્યાર્થિનીઓએ સેક્ટર-૧૧ની મુખ્ય પોસ્ટ ઓફિસની મુલાકાત લઈને કર્મચારી બહેન દ્વારા સરળ અને સ્પષ્ટ ભાષામાં પોસ્ટ કાર્ડ, નાણાંબચત, પીએફ, હવાઈપત્ર, કવર વગેરેની સમજૂતી આપી હતી અને દરેક વિદ્યાર્થિની બહેનોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર મુલાકાતનું આયોજન ધોરણ-૬ના વર્ગશિક્ષકો સુધાબેન, મિત્તલબેન, પૂર્વીબેન, સ્મિતાબેન અને પિંકલબેન દ્વારા કરવામાં આવ્યું છે.

## શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજીનો આજે પુણ્ય પ્રાગટ્યદિવસ



કુદરતની કરામત દેખાડતા પૃથ્વીને પાટલે લાઠીદડ ગામનો ટીંબો છે. ખંતીલા ખેડૂતોથી ગામનું રૂપ બંધાયું છે. હરિભક્તોની હેલી જ્યાં આઠેય પહોર હિલોળા લઈ રહી છે એમાંથી આનંદના ઓઘા ઉછળતા રહે છે.

આવા લાઠીદડ ગામમાં માથોળિયા શાખાના ધરમશીભાઈ ખંતીલા અને ખમતીધર ખેડૂતનું ડેલીબંધ ખોરડું, ઓસરી ઉતાર ઓરડા, ગમાણે ધીંગાધોરી અને આંગણે દુઝણાં ગાયું-ભેંસું પ્રાસવો મુકે, દૂધ-ગોરસની તાંસળિયું ભરાય ને મહેમાનોને પીરસાય.

આ ગામમાં પુરામી સ્વામી શ્રી હરિપ્રિયદાસજીની પધારમણી થઈ અને તેમણે મંદિર નિર્માણનું કામ આરંભ્યું. હરિભક્તોને જાણે આંગણામાં ગંગા અવતરણ જેવો અવસર આવ્યાનું લાગ્યું. સૌએ શ્રમયજ્ઞ આદર્યો, એમાં ધર્મશીભાઈના ત્રીજા પુત્ર જેઠાભાઈ પણ જોડાયા અને ૧૧ વરસની કિશોરવય, રૂપાળો દેહ, બેથડિયું ડિલ, મોં માથે ગરવાઈ, આંખમાં અલખને આંબી જવાની આતુરતાને સ્વામીશ્રીએ ઓળખી લીધી. ઝવેરી હીરાની પરખ પલકમાં કરે એમ પુરાણી સ્વામી હરિપ્રિયદાસજીએ જેઠાભાઈની પૂર્વજન્મની પુનાઈને પારખી લીધી.

ધરમશીભાઈના ત્રીજા પુત્રાનો જન્મ ૧૨ ઓગષ્ટ, ૧૯૨૯ના રોજ સાળંગપુરથી બિ કિમી દૂર આવેલા લાઠીદડમાં થયો, જે શ્રીજી મહારાજનું અતિ પ્રસાદીનું ગામ છે. જેઠાભાઈને ગળથૂથીમાં જ સંપ્રદાયના સંસ્કાર પ્રાપ્ત થયા હતા એ આથી જ લાઠીદડમાં મંદિર નિર્માણ માટે પધારેલા સદ્પુરાણી સ્વામી શ્રી હરિપ્રિયદાસજીના યોગથી સત્સંગમાં તેમનું ચિત્ત આકર્ષાયું. લાઠીદડમાં તેમણે માત્ર બે ચોપડીનો અભ્યાસ કર્યો હતો પરંતુ અગિયાર વરસના કિશોર જેઠાભાઈની મુમુક્ષુતા પારખી સ્વામીશ્રીએ તેમને સંસારની માયાજાળમાંથી ઉગારી પોતાની ભેળા લીધા. થોડા સમયના ગુરુ સાથેના વિચરણ બાદ વિ.સં. ૧૯૯૮ના જેઠ સુદ એકાદશીના શુભદિને વડતાલમાં ભાગવતી દિક્ષા લઈને હરિપ્રકાશદાસજી નામ ધારણ કર્યું. ગઢપુરથી પુરામી સ્વામી વિચરણ કરે તે સાથે કિશોર પણ સાથે ચાલે, એમ અંતરમાં ફૂટેલા અંકુરને આધ્યાત્મિક અમીસિંચન થતું રહ્યું. આખરે ભાગવતી દિક્ષા ધારણ કરી તેમાં હરિપ્રકાશજીનું રૂપ પ્રગટ થયું. સાધુતાને સિદ્ધ કરવા તેમણે મનન અને ચિંતનનો આધાર લીધો. જ્ઞાનપિપાસા સંતોષવા તેમણે વડતાલ અને ત્યારબાદ નાસિક અને અંતે બનારસમાં ૧૬ વર્ષ સુધી સંસ્કૃત ભાષા, વૈદિક દર્શન અને હિન્દુ ધર્મશાસ્ત્રોનો ઊંડાણપૂર્વક વિદ્યાભ્યાસ કર્યો. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયની વેદાન્તતીર્થ, ઋગ્વેદશાસ્ત્રી આદિ પદવીઓ પ્રાપ્ત કરી. નવસર્જનમાં રસ હોવાથી અભ્યાસની સાથે સાથે વડતાલ, નાસિક અને કાશ્મીરમાં ભવનનિર્માણમાં સક્રિય સેવાઓ આપી તેમજ કાશીમાં અભ્યાસ દરમિયાન શ્રીહિરચરિત્રામૃત-સાગર હિન્દી, શ્રીહર્યાજ્ઞામૃત સિન્ધુ, શ્રીહરિવાક્ય સુધી સિન્ધુ જેવા સંસ્કૃત સાહિત્યના ગ્રંથોનું પ્રકાશન કર્યું. તેમણે ૧૯૭૨માં સત્સંગ શિક્ષા પરિષદ ટ્રસ્ટની સ્થાપના કરી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ તેમજ દલસુખભાઈ ગોધાણીને મળ્યા અને તેમની સમક્ષ શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો અને એમાંથી ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે ગુરુકુલ સર્જાઈ. એ પછી તો પૂ. શાસ્ત્રી સ્વામીજીના નેજા હેઠળ માત્ર ગાંધીનગરમાં જ પંદર જેટલા શૈક્ષણિક યુનિટો કાર્યરત છે. જેમાં દસ હજારની આસપાસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને ૪૦૦થી વધુ કર્મચારીઓ કાર્ય કરી રહ્યા છે.

આ યુનિટોમાં બાલમંદિરથી માંડીને એમસીએ, ડીગ્રી અને ડિપ્લોમા સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ભાવનગર, પોરબંદર, કેવડીયા કોલોની, ભાટ, લાઠીદડ, ધરમપુર અને રોઝડ અને આદિ સ્થળોએ સ્વામીજીએ શાળા ગુરુકુલોની સ્થાપના કરી છે, જે ચાલીસ હજારથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે ચારિત્ર્ય ઘડતરના પદાર્થપાઠ શીખવે છે. સ્વામી યોગાનંદ શિક્ષણ સમિતિ ટ્રસ્ટના નેજા હેઠળ આશ્રમ શાળાઓની સ્થાપના કરીને આશરે ૩૦૦ બાળકોને મફત શિક્ષણ આપીને પછાત જાતિનાં બાળકોમાં સદ્વિદ્યાનું સિંચન કરવામાં છે.

પૂ. શાસ્ત્રી સ્વામીએ સાચી વાતને સિદ્ધ કરવા ક્યારેય પાછી પાની કરી નથી. શ્રીજી મહારાજ તથા તેમના પરમહંસોના સાહિત્ય આવા અભ્યાસુ અને સ્પષ્ટવક્તા સમગ્ર સંપ્રદાયમાં તેઓ અદ્વિતિય છે. તેમને જે વાત સત્ય જણાઈ તે વર્તમાન સંપ્રદાયના માળખામાં બંધબેસતી હોય કે ન હોય, તેની પરવા કર્યા વગર પણ તેમણે એ વાત જણાવી છે. વળી સંપ્રદાયેતર અનેક હિન્દુ ધર્મ-સંપ્રદાયોના સુધુ સંતોનો પ્રેમ પણ તેમણે સંપાદન કર્યો છે. ક્યારેક સંપ્રદાયના રૂઢિચુસ્ત લોકોને આભડછેટ લાગે તેવી વ્યક્તિ અને સિદ્ધાંતો જો મૂળ ગ્રંથમાં હોય તો તેમણે તેને ત્યજી દીધા નથી અને સામે ચાલીને સાચી વાત કરે છે. ૯૦ વર્ષની જૈફ વયે પણ સતત કાર્યશીલ અને ભગવદ્પરાયણ જીવન વ્યતીત કરતા પૂ. શાસ્ત્રીસ્વામી દ્વારા અખિલ શ્રીસ્વામીનારાયણ સંપ્રદાયની અને શિક્ષણજગતની વિશેષ ને વિશેષ સેવા થતી રહે અને તેઓ શતાયુ જીવન પૂર્ણ કરે એવી ભગવાન શ્રી સ્વામીનારાયણના શ્રીચરણોમાં અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

-શાસ્ત્રી અક્ષરપ્રકાશ
અને ગુરુકુલ પરિવાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

# વિદ્યાર્થીઓ માટે એક્સપર્ટ લૅક્ચર્સની ભરમાર



ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં વિદ્યાર્થીઓ તેમના વિષયોનું સર્વાંગી અને અદ્યતન જ્ઞાન મેળવે તે આશયથી અલગ અલગ વિષયો માટે તજજ્ઞો દ્વારા એક્સપર્ટ લેક્ચર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે 'ઈન્ટ્રોડક્શન ટુ કમ્પ્યુટર, એમએસ ઓફિસ, ટીપ એન્ડ ટ્રીક ફૉર ગૂડ પીપીટી' વિષયે સોનિયા સુધાર અને ડૉ. જિજ્ઞેશ વાજાએ વિદ્યાર્થીઓને વિગતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ માટે જૈમીન ગોસ્વામીએ એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ-૧૪ વિષયે વક્તવ્ય આપ્યું હતું. સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓ માટે ડૉ. નીતિન પાદરીયાએ 'સાઈબર સિક્યુરિટીઝ એન્ડ ઈ-કોમર્સ' વિષયે અને ડૉ. વિકાસ રાવલે 'ઈન્ટવ્યૂ સ્કિલ' વિશે જાણકારી આપી હતી.

એમકૉમના વિદ્યાર્થીઓ માટે સીએ જૈમિન ગોસ્વામી, ડૉ. ધવલ વ્યાસ અને ડૉ. વિનોદ દેસાઈ દ્વારા અનુક્રમે એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ-૧૪, પ્રૉજેક્ટ મેનેજમેન્ટ એન્ડ રિસર્જ મેથડોલોજી અને સાઈબર સિક્યુરિટી એન્ડ ઈ-કોમર્સ વિષે વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં.

આ લેક્ચર્સ અનુક્રમે કૉલેજના અધ્યાપક ડૉ. ધાર્મિનીબેન મહેતા, ડૉ. ભાવિન મઠિયા, ડૉ. સુજલ પાઠક અને પ્રૉ. જિજ્ઞેશ તોગડિયા દ્વારા યોજવામાં આવ્યાં હતાં.

### નહેરુ યુવા કેન્દ્ર દ્વારા

## રાજભવન ખાતે રક્તદાન અને રોપાં વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

રાજભવન ખાતે આયોજિત રક્તદાન કાર્યક્રમમાં નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, સ્ટેટ ડિરેક્ટર અનિલકુમાર કૌશિક, સ્વયંસેવક ધવલ પારકર, સુરજ શેઠીઆ, હાર્દિક સોલંકી, હર્ષિલ દવે, યુવા મંડળ, સ્વેચ્છિક સંસ્થાઓ અને અન્ય સ્વયંસેવકો દ્વારા ૧૦૦થી વધુ યુનિટ રક્તદાન નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું, જે માટે રાજભવન દ્વારા પ્રશંસા-પ્રશસ્તિ કરતો મેસેજ રાજભવનના ડૉક્ટર શશાંગ સીમ્પી દ્વારા આપવામાં આવ્યો છે. આ ઉપરાંત મહામહિમ રાજ્યપાલના જન્મદિન નિમિત્તે ગિર ફાઉન્ડેશન, નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને ઈકો ક્લબ દ્વારા પણ પચાસ હજાર રોપાંનું આરોપણ કરવા અર્થે રોપાંનું વિતરણ રાજ્યપાલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગિર ફાઉન્ડેશનના નિયામક આર ડી કંબોજ, નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના નિયામક અનિલકુમાર કૌશિક, યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ડેપ્યુટી ડિરેક્ટર આઈ કે બારડ, ડી સી મહેતા, નહેરુ યુવા કેન્દ્ર, આણંદના અબુ સૈયદ, વિદ્યાર્થી, સ્વયંસેવકો, શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પુષ્પગુચ્છ અને શાલથી રાજ્યપાલનું અભિવાદન કર્યું હતું. ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય પ્રેરિત ગ્રીન કોર્પ્સ અન્વયે રાજ્યમાં ઈકો ક્લબ અને નહેરુ યુવા કેન્દ્રો દ્વારા ૫૦ હજાર જેટલાં છોડનું આરોપણ કરવાના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં ટીન એજ ગર્લ્સ માટે તબીબનું વ્યાખ્યાન



ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં અંગ્રેજી મીડિયમની ૨૫૦ કરતાં વધુ વિદ્યાર્થિનીઓ અને મહિલા શિક્ષકોની ઉપસ્થિતિમાં 'ટીન એજ ગર્લ્સ ગાયનેક પ્રોબ્લેમ્સ એન્ડ રેમેડીઝ' વિષયે નગરના નિષ્ણાત ગાયનેક ડૉ. અમીબેન શાહનું પ્રવચન ગોઠવાયું હતું. ડૉ. અમીબેને ટીન એજ ગર્લ્સના ગાયનેક પ્રોબ્લેમ્સ વિશે ઉપયોગી માહિતી આપી હતી. વિદ્યાર્થિનીઓએ પણ પોતાને મૂંઝવતા પ્રશ્નો પૂછી તેમનું સમાધાન તબીબ પાસેથી મેળવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સોનલબેને પરિચયવિધિ કરી હતી, નિધિબેન મહેતાના હસ્તે તબીબને સ્મૃતિચિહ્ન અપાયું હતું અને જ્યોતિબેન ભાવસારે શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન સ્વાતિબેન દવેએ અને આભારવિધિ સબીહાબેને કરી હતી.




કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ એસ પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગરના તાલીમાર્થીઓએ ડૉ. વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર, અમદાવાદની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તાલીમાર્થીઓએ ડૉ. વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શન નિહાળ્યું હતું. અંતરિક્ષમાં સફર દરમિયાન કેવા પ્રકારના અનુભવ થાય છે તે અંગેની ૩ડી ફિલ્મ પણ નિહાળી હતી. જયંત જોષીએ વિવિધ પ્રકારના ઉપગ્રહ, તેનું સંચાલન અને કામગીરી વિશે માહિતી આપી હતી.

તાલીમાર્થીઓએ ત્યારબાદ ઈસ્કોન મંદિર, અમદાવાદની પણ મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. વિભાબેન દ્વિવેદી અને અજયભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સે. ૨૨ ખાતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ દરમિયાન

## બેસ્ટ સિંગર ઓફ ધ સિટી સ્પર્ધાનું આયોજન

### ૪ વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા ઉજવાતો ગણેશ મહોત્સવ, જે ગાંધીનગરનો સાચા શબ્દોમાં લોકઉત્સવ બનીને પાટનગરના સ્થાપનાકાળથી ઉજવાય છે, જેમાં વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે 'બેસ્ટ સિંગર ઓફ ધ સિટિ-૨૦૧૮' ગાયન સ્પર્ધાના લોકપ્રિય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ તા. ૧૩ સાપ્ટેમ્બરથી ૧૯ સાપ્ટેમ્બર દરમિયાન સેક્ટર-૨૨ના રંગમંચ પર યોજવામાં આવશે. આ સ્પર્ધા ટીનેજર્સ (૧૨થી ૧૮), જુનિયર્સ (૧૮થી ૩૫), સિનિયર્સ (૩૫થી ૪૫) અને ઍલ્ડર (૪૫ વર્ષથી વધુ વય) એમ ૪ વિભાગમાં યોજવામાં આવશે. સ્પર્ધામાં પ્રવેશ મેળવવા માટેનાં ફોર્મ લેવાની તથા પરત કરવા માટેની છેલ્લી તારીખ ૧૫ ઓગષ્ટ નિયત કરવામાં આવે છે. ઑડિશનની તારીખ ૧૯ ઑગષ્ટ અને ફાઈનલ રિહર્સલની તારીખ ૯ સાપ્ટેમ્બર નિયત કરવામાં આવી છે.

ફોર્મ મેળવવા તથા પરત કરવા માટે મીનાક્ષી ટ્રેડર્સ, પ્લોટ નં. ૩૮૧, તૃપ્તિ પાર્લરની બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગરનો સંપર્ક કરવા માટે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.